પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૪૨ | ૧ ઓગસ્ટ, ૨૦૨૨, સોમવાર; શ્રાવણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

હર ઘર તિરંગા અભિયાનનો સૌ ભાગ બને

વડાપ્રધાન મોદીએ DPમાં તિરંગો લગાવવાની આપી સલાહ : આ વખતે સ્વતંત્રતા દિવસ, જ્યારે ભારત આઝાદીના ૭૫ વર્ષ પુરા કરશે ત્યારે આપણે બધા આ ઐતિહાસિક પળના સાક્ષી બનવા જઇ રહ્યા છીએ

નવી દિલ્હી, તા.૩૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે મંથલી રેડિયો કાર્યક્રમ મન કી બાત ના ૯૧મી એપિસોડને સંબોધિત કર્યો હતો. તેની શરૂઆત તેમણે આગામી સ્વતંત્રતા દિવસને લઇને અત્યાર સુધી થયેલી તૈયારીઓની જાણકારી આપતાં કરી. પીએમ મોદીએ કહ્યું કે આ વખતે તે અપીલ કરે છે ૧૩ ઓગસ્ટને લઇને ૧૫ ઓગસ્ટ સુધી દેશભરના લોકો હર ઘર તિરંગા અભિયાનનો ભાગ બને. પીએમ મોદીએ કહ્યું આ વખતે મન કી બાત ખૂબ જ ખાસ છે. તેનું કારણ છે કે આ વખતે સ્વતંત્રતા દિવસ, જ્યારે ભારત પોતાની આઝાદીને ૭૫ વર્ષ પુરા કરશે. ત્યારે આપણે બધા આ અદભૂત અને ઐતિહાસિક પળના સાક્ષી બનવા જઇ રહ્યા છીએ. ૩૧ જુલાઇ એટલે કે આજના દિવસે, આપણે તમામ દેશવાસી, શહીદ ઉધમ સિંહ જી શહાદતને નમન કરીએ છીએ. હું એવા અન્ય તમામ મહાન ક્રાંતિકારીઓને વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરુ છું જેમણે દેશ માટે પોતાનું સર્વસ્વ બલિદાન કરી દીધું.'

પીએમ મોદીએ આગળ કહ્યું કે 'મને તે જોઇને ખુશી થાય છે કે આઝાદીના અમૃત મહોત્સવ એક જન આંદોલનના રૂપમાં લઇ રહ્યો છું. તમામ ક્ષેત્રો અને સમાજના દરેક વર્ગના લોકો તેની સાથે જોડાયેલા અલગ-અલગ કાર્યક્રમોમાં ભાગ લઇ રહ્યા છે.

પીએમ મોદીએ પોતાના સંબોધનની શરૂઆત કરતાં કહ્યું કે આ વખતે સ્વતંત્રતા દિવસ એકદમ ખાસ છે. તેમણે આજની તારીખ એટલે ૩૧ જુલાઇનો ઉલ્લેખ કરતાં કહ્યું કે 'આજથી ઠી ૭૮ વર્ષ પહેલાં ૧૯૪૦ માં અંગ્રેજોએ ભારતના એક વીર સપૂતને ફાંસી આપવામાં આવી હતી. દેશના તે પુત્રનું નામ હતું, શહીદ ઉધમ સિંહ. જેમણે ૧૩ એપ્રિલ ૧૯૧૯ ના રોજ જલિયાવાલા બાગ નરસંહારના ગુનેગારને માર્યા હતા. હવે આપણા આગામી ૨૫ વર્ષના આ અમૃતકાળ દરેક દેશવાસી માટે એક કર્તવ્યકાળની માફક છે. દેશને આઝાદ કરવા, આપણા વીર સેનાની, આપણને આ જવાબદારી આપીને ગયા છે. તેને સંપૂર્ણપણે નિભાવવાની છે.

પીએમ મોદીએ કહ્યું કે 'દેશની આઝાદીમાં ભારતીય રેલવેનું મહત્વપૂર્ણ યોગદાન છે. એવામાં દેશના ૭૫ રેલવે સ્ટેશનોની ઓળખ કરવામાં અવી છે. જેનું દેશની આઝાદીમાં મહત્વપૂર્ણ યોગદાન રહ્યું. આ તમામ ૭૫ રેલવે સ્ટેશનોને ૧૫ ઓગસ્ટના અવસરને વિશેષ રીતે શણગારવામાં આવે. એટલા માટે સ્કૂલના બાળકો અને શિક્ષકોને અપીલ કરું છું કે તે તમામને નજીકના તે રેલવે સ્ટેશનને બતાવવા લઇ જાય ત્યાં આઝાદીના સંગ્રામ માટે એક મહત્વપૂર્ણ ભાગને યોગ્ય રીતે સમજાવી શકે.

શું તમે જાણો છો, ૨ ઑગસ્ટનો આપણા તિરંગા સાથે એક વિશેષ સંબંધ પણ છે? આ દિવસે પિંગલી વેંકૈયાજીની જયંતી આવે છે, જેમણે આપણા રાષ્ટ્રીય ધ્વજની ડિઝાઇન બનાવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ભારતને બીજો સુવર્ણ ચંદ્રક અપાવતા વેઈટલિફ્ટર જેરેમી લાલરિનુંગા

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના ખાતામાં પાંચમો મેડલ મળ્યો છે : આ મેડલ ભારતમાં વેઈટલિફ્ટિંગમાં મળ્યો

બર્મિંઘમ, તા.૩૧

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને વધુ એક ગોલ્ડ મેડલ મળ્યો છે. ભારતના યુવા વેઇટલિફ્ટર જેરેમી લાલરિનુંગા ૬૭ કિલોગ્રામ વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. આ સાથે ભારતને વેઈટલિફ્ટિંગમાં પાંચમો મેડલ મળ્યો છે. કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે અત્યાર સુધી પાંચ મેડલ જીત્યા છે. આ પાંચેય મેડલ ભારતને વેઈટલિફ્ટિંગમાં મળ્યા છે. ભારતના યુવા વેટલિફ્ટર જેરેમી લાલરિનુંગાએ કોમનવેલ્થમાં ૬૭ કિલો વર્ગમાં આ ગોલ્ડ કબજે કર્યો છે. તેણે સ્નેચમાં સૌથી વધુ ૧૪૦ કિલોગ્રામ વજન ઉઠાવ્યો હતો, જ્યારે ક્લીન એન્ડ જર્કમાં ૧૬૦ કિલોગ્રામ વજન ઉઠાવી ઈતિહાસ રચી દીધો. તેણે ગેમ રેકોર્ડ કુલ ૩૦૦ કિલોગ્રામ વજન ઉઠાવ્યો. આ રીતે વેઈટલિફ્ટિંગમાં ભારતને બીજો ગોલ્ડ અને કુલ પાંચમો મેડલ મળ્યો છે.

કેશ કાંડમાં કોંગ્રેસના ત્રણ ધારાસભ્યની ધરપકડ

કોંગ્રેસની વચગાળાની અધ્યક્ષ સોનિયા ગાંધીએ ત્રણેય ધારાસભ્યોને સસ્પેંડ કરી દીધા છે : ઝારખંડ પ્રભારી

રાંચી, તા.૩૧

કોંગ્રેસે ઝારખંડના તે ત્રણ ધારાસભ્યોને રવિવારે સસ્પેંડ કરી દીધા છે જેમની પાસેથી પશ્ચિમ બંગાળના હાવડામાં કથિત રીતે ભારે માત્રામાં કેશ મળી આવી હતી. આ દરમિયાન પોલીસે પણ તે ધારાસભ્યોની ધરપકડ કરી લીધી છે. પોલીસે લાંબી પૂછપરછ બાદ કોંગ્રેસના આ ત્રણ ધારાસભ્યોને અરેસ્ટ કર્યા છે. તમને જણાવી દઇએ કે કોંગ્રેસે ત્રણ ધારાસભ્યોના પકડાયા બાદ ભારતીય જનતા પાર્ટી પર ઝારખંડમાં તેની ઝારખંડ મુક્તિ મોરચાની સાથે ગઠબંધનની સરકારને ઢાળી પાડવાનો આરોપ લગાવ્યો હતો.

જાણી લો કે અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી મુખ્યાલયમાં પ્રેસ કોન્ફ્રેંસને સંબોધિત કરતાં પાર્ટીના ઝારખંડ પ્રભારી અવિનાશ પાંડેએ જાણકારી આપી કે કોંગ્રેસની વચગાળાની અધ્યક્ષ સોનિયા ગાંધીએ ત્રણેય ધારાસભ્યોને તત્કાલ પ્રભાવથી સસ્પેંડ કરી દીધા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્પેશિયલ ઇનપુટ મળ્યા બાદ પોલીસે શનિવારે એક એસયૂવીને રોકી હતી, જેમાં હાવડાના રાનીહાટીમાં કોંગ્રેસ ધારાસભ્ય ઇરફાન અંસારી, રાજેશ કચ્છપ અને નમન બિકસલ કોંગારી નેશનલ હાઇવે-૧૬ પર યાત્રા કરી રહ્યા હતા અને કથિત રીતે ગાડીમાં ભારે માત્રામાં કેશ મળી આવી હતી. પોલીસે જણાવ્યું કે એસયૂવીમાં ધારાસભ્યો ઉપરાંત બે અન્ય લોકો બેઠા હતા. આ કારના એક બોર્ડ પર કોંગ્રેસના ચૂંટણીના ચિન્હની સાથે

શિવસેનાના સંજય રાઉતને ઈડીએ કસ્ટડીમાં લઈ લીધા

શિવસેનાના કાર્યકરોએ ભારે હંગામો કર્યો : ઈડીએ સવારે ૭ કલાકથી સર્ચ ઓપરેશન શરૂ કર્યુ હતું

મુંબઈ, તા.૩૧

સંજય રાઉતને એન્ફોર્સમેન્ટ ડિરોક્ટરેટ (ઈડી) એ કસ્ટડીમાં લીધા છે. છેલ્લા ૮ કલાકથી ઈડી શિવસેના નેતા રાઉતના ઘરે તપાસ કરી રહી હતી. ઈડીએ પાત્રા ચોલ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં દરોડા પાડ્યા હતા. રવિવારે સવારે ઈડીની ટીમ રાઉતના ભાંડુપ સ્થિત ઘર પર પહોંચી હતી. ઈડીની ટીમ સંજય રાઉતને તેના ઘરેથી લઈને ઓફિસ જવા માટે નિકળી હતી. આ વચ્ચે શિવસેનાના કાર્યકરો હંગામો કરી રહ્યાં છે. ઈડીની ટીમ પહોંચ્યા બાદ રાઉતના વકીલ પણ તેમના ઘરે પહોંચ્યા હતા. શિવસેના નેતાના ઘરની બહાર ઘણા સમર્થક પણ ભેગા થઈ ગયા હતા. ઈડીએ સંજય રાઉત પર તપાસમાં સહયોગ ન કરવાનો આરોપ લગાવ્યો હતો. જાણકારી પ્રમાણે જ્યારે તપાસ એજન્સીએ તેમની સાથે ઈડી ઓફિસે ચાલવા માટે કહ્યું તો રાઉતે કહ્યું કે તે વર્તમાન

સાંસદ છે. તેમણે ૭ ઓગસ્ટ સુધીનો સમય માંગ્યો હતો. પરંતુ ઈડી તેમને કસ્ટડીમાં લઈ પોતાની સાથે લઈ જઈ શકે છે. સંજય રાઉતની પત્ની વર્ષા અને સ્વપ્નાની પાસે અલીબાગમાં એક જમીન હતી જેને તેના સંયુક્ત નામથી ખરીદવામાં આવી હતી. ઈડીને શંકા છે કે સ્વપ્ના પાટકરના અલગ રહેતા પતિ સુજીત પાટકર દ્વારા ધરપકડ કરાયેલા કારોબારી પ્રવીણ રાઉતે પાત્રા ચોલ કૌભાંડથી ડાયવર્ડ કરાયેલા પૈસાથી જમીન ખરીદી હતી. પ્રવીણ રાઉત સંજય રાઉતના મિત્ર છે.

એપ્રિલમાં ઈડીએ સંજય રાઉતની પત્ની વર્ષાની માલિકીવાળા મુંબઈમાં એક ફ્લેટ અને અલીબાગ ભૂમિને અટેચ કરી હતી. ઈડીએ આરોપ લગાવ્યો કે આ સંપત્તિઓને પ્રવીણ રાઉત દ્વારા ડાયવર્ટ કરાયેલા પૈસાથી ખરીદી હતી. તો સ્વપ્ના પાટકરના પરિસરોમાં હાલના સર્ચ દરમિયાન ઈડીને અલીબાગની જમીનના દસ્તાવેજ મળ્યા હતા. આ પહેલા ઈડીને આપેલા પોતાના નિવેદનમાં સ્વપ્નાએ જણાવ્યું કે તેના નામનો ઉપયોગ જમીન ખરીદવામાં કરવામાં આવ્યો હતો. પરંતુ તેના પર તેનો કોઈ માલિકી અધિકાર નથી અને ભૂમિ પાર્સલની માલિકી સંજય રાઉતના સંપૂર્ણ નિયંત્રણમાં છે. આ કૌભાંડ ૧ હજાર કરોડથી વધુનું છે.

પાકિસ્તાનને ભારતીય મહિલા ક્રિકેટ ટીમે આઠ વિકેટે પરાજય આપ્યો

સ્મૃતિ મંધાનાએ અણનમ ૬૩ રન બનાવ્યા : પાકિસ્તાને ભારતને ૧૦૦ રનનો લક્ષ્ય આપ્યો હતો, જેને ઈન્ડિયાએ ૧૧.૪ ઓવરમાં ૨ વિકેટે હાસિલ કરી લીધો

બર્મિંઘમ, તા.૩૧

કોમનવેલ્થ ગેમ્સ-

૨૦૨૨માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પાકિસ્તાનને ૮ વિકેટે કારમો પરાજય આપી પ્રથમ જીત મેળવી છે. આ મેચમાં પ્રથમ બેટિંગ કરી પાકિસ્તાને ભારતને જીત માટે ૧૦૦ રનનો લક્ષ્ય આપ્યો હતો. જેને ટીમ ઈન્ડિયાએ ૧૧.૪ ઓવરમાં ૨ વિકેટ ગુમાવી હાસિલ કરી લીધો છે. ટીમ ઈન્ડિયાની આ ધમાકેદાર જીતની નાયક રહી સ્મૃતિ મંધાના. પાકિસ્તાને આપેલા ૧૦૦ રનના લક્ષ્યના જવાબમાં સ્મૃતિ મંધાનાએ અણનમ ૬૩ રન બનાવ્યા હતા. તેણે ૪૨ બોલની ઈનિંગમાં ૮ ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા હતા. વરસાદને કારણે આ મેચ ૧૮-૧૮ ઓવરની કરવામાં આવી હતી. જેમાં પાકિસ્તાનની ટીમ ૯૯ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. કોમનવેલ્થ ગેમ્સમાં બે મેચમાં ભારતની પહેલી જીત છે.

● અનુસંધાન પાન-૭ પર

સંજય અરોડા દિલ્હીના નવા પોલીસ કમિશનર

નવી દિલ્હી, તા.૩૧

સંજય અરોડા હવે દિલ્હીના નવા પોલીસ કમિશનર હશે. સંજય અરોડા વર્ષ ૧૯૮૮ બેચના આઈપીએસ અધિકારી છે. આ સંબંધમાં રવિવારે ગૃહ મંત્રાલય તરફથી એક આદેશ જાહેર કરવામાં આવ્યો છે. સંજય અરોડા પહેલાં ૈમ્ના ચીફ હતા. તેઓ રાકેશ અસ્થાનાની જગ્યા લેશે. તમને જણાવી દઈએ કે રાકેશ અસ્થાના પાછલા વર્ષે જુલાઈ મહિનામાં દિલ્હી પોલીસના મુખિયા બન્યા હતા. ૩૧ જુલાઈએ રાકેશ અસ્થાના પોતાના પદ પરથી નિવૃત્ત થઈ રહ્યા છે. ગૃહ મંત્રાલય તરફથી જારી આદેશમાં કહેવામાં આવ્યું છે કે સંજય અરોડા ૧ ઓગસ્ટના રાકેશ અસ્થાનાની જગ્યા લેશે.

Medibuzz™
Happier and Healthier life ahead ...
Now Online.
GET 25% OFF on your Medicine.
Call on: 6354873321
Free Home Delivery within 6 hours.